# નાયબ કમિશનર અને સીટી ઈજનેર સહિત મનપાના આઠ કર્મયોગીઓ કોરોનામાં સપડાયા

## મનપાના વીસથી વધુ કર્મયોગીઓ ક્વોરોન્ટાઈન હેઠળ : સ્માર્ટસીટીના ચાર અને મનપાના ૪ કર્મયોગીઓ સપડાયા

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર મહાનગર પાલિકામાં નાયબ મ્યુનિ. કમિશનર દવે, સીટી ઈજનેર ભરતભાઈ પંડ્યા સહિત ૮ કર્મચારીઓ કોરોનાની ઝપટમાં આવી ગયા છે.

આજે બપોરથી મનપાના ૮ અધિકારીઓને કોરોના પોઝીટીવ આવ્યાની વાતો એ ટોક ઓફ ધી ટાઉન બની હતી.

મળતી વિગતો પ્રમાણે સીટી ઈજનેર પંડ્યાને સારવાર માટે ગાંધીનગરની એક ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. નાયબ મ્યુનિ. કમિશનર દવે પોતે વતનમાં ગયા હોવાનું જણાવી રહ્યાનું જાણવા મળેલ છે. જોકે તેમને કોરોનાના લક્ષણો જણાયા હતા પરંતુ ટેસ્ટ કરાવ્યો નહિ હોવાની વાતો પણ ચર્ચામાં ચાલી રહી છે.

ગાંધીનગર મનપાના ૮ જેટલા કર્મયોગીઓ કોરોનામાં સપડાતા આજે મનપાતંત્રમાં પણ સન્નાટો જોવા મળતો હતો. મળતી વિગતો પ્રમાણે ૧૨ થી વધુ કર્મચારીઓ હોમ ક્વોરોન્ટાઈન થઈ ગયા છે.

ગાંધીનગર મનપાના એક સાથે ૮ કર્મયોગીઓ કોરોનામાં સપડાયા હોવાની વાતોએ સચિવાલય સંકુલને પણ ગજવી દીધુ હતુ.

૮ કર્મચારીઓને કોરોના પોઝીટીવ આવ્યો છે તેમાં ૪ કર્મયોગીઓ સ્માર્ટસીટી પ્રોજેક્ટના અને ૪ મનપાના રેગ્યુલર કર્મયોગીઓ હોવાનું જાણવા મળેલ છે.

ગાંધીનગર મનપામાં અગાઉ સ્માર્ટસીટીની કામગીરી સંભાળતા મહિલા કર્મચારીને કોરોના પોઝીટીવ આવ્યો હતો. આ પછી નવો કેસ સામે આવ્યો ન હતો. સિટી ઈજનેર ભરતભાઈ પંડ્યા છેલ્લા પાંચ દિવસથી ઓફિસમાં નહિ આવતા હોવાનું જાણવા મળેલ છે.

મનપાએ આજે સીટી ઈજનેરનો કેસ તેની સત્તાવાર યાદીમાં પણ બતાવ્યો છે. મળતી વિગતો પ્રમાણે મનપાના કર્મયોગીઓ જે રીતે કોરોનામાં સપડાયા છે તેને પગલે મનપાની કચેરીને પણ કન્ટેનમેન્ટ ઝોનમાં મુકવામાં આવે તેવી શક્યતાના સંકેતો મળી રહ્યા છે.



ચોમાસાની જમાવટ : શહેરમાં મોડી સાંજે હળવું અને લાંબુ વરસાદી ઝાપટું વરસતા ઠંડક પ્રસરી હતી. સાંજ રળિયામણી લાગતી હતી. ખાસ કરીને મુખ્ય માર્ગો પર ઝરમર ઝરમર વરસાદની વચ્ચે વાહન હંકારવાની પણ મજા માણતા હતા અને લાઈટીંગની છાયામાં માર્ગો જાણે રોશનીથી છવાયા હોય એવી અનુભૂતિ વર્તાતી હતી.

# શહેરમાં કોરોનાના વધુ ૧૫ કેસ

## સારવાર દરમિયાન સે. ૨૪ના દર્દીનું મોત : સપ્તાહ બાદ શહેરમાં એક જ દિવસમાં ૧૫ કેસ નોંધાયા : સે. ૧૯માં ૩, સે. ૨માં ૨, સે. ૫માં ૨, સે. ૨૬માં ૨ ઉપરાંત સે. ૨૭, સે. ૨૪, સે. ૨૧, સે. ૪, સે. ૬ અને સે. ૭ માંથી કેસ મળ્યા

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર શહેરમાં આજે કોરોનાના વધુ ૧૫ કેસ નોંધાયા છે. આ સાથે શહેરમાં નોંધાયેલા કેસોની સંખ્યા ૬૪૬ પર પહોંચી છે.

સારવાર દરમ્યાન સે. ૨૪ ના એક દર્દીનું ગઈકાલે સાંજે અવસાન થયુ છે. આ સાથે શહેરમાં કોરોનાની સારવાર દરમ્યાન મૃત્યુ પામનાર દર્દીઓની સંખ્યા ૨૧ થઈ છે. શહેરમાં નોંધાયેલા દર્દીઓમાં રિકવરી રેટ સારો છે પણ ૨૧ દર્દીના થયેલા મોતને પગલે તંત્રની ચિંતામાં વધારો થવા પામ્યો છે.

શહેરમાં જે રીતે કેસો વધી રહ્યા છે તેને લઈ શહેરનું આરોગ્યતંત્ર સતત દોડધામમાં વ્યસ્ત રહ્યુ હતુ. એક સપ્તાહના સમય બાદ શહેરમાં આજે એક સાથે ૧૫ કેસ નોંધાયા છે. શહેરમાં વધતી જતી દર્દીઓની સંખ્યાને પગલે તંત્રએ સઘન સર્વેલન્સની સૂચનાઓ આપી છે. સર્વેલન્સ માટે આઉટ સોર્સિંગથી માણસોને પણ નિમણુંક આપવામાં આવી છે.

શહેરમાં હાલ ૨૭૦થી વધુ કન્ટેનમેન્ટ ઝોન આવેલા છે. તંત્રએ સોશીયલ ડિસ્ટન્સીંગના પાલન માટે પણ ખાસ ટીમો બનાવી ક્વોરોન્ટાઈન કરાયેલ પરિવારો તેમજ કન્ટેનમેન્ટ ઝોનના અમલીકરણની સઘન તપાસ પણ શરૂ કરી હોવાનું જાણવા મળેલ છે.

આજે નોંધાયેલા કેસોમાં વી.આઈ.પી. ગણાતા સે. ૧૯ માંથી ૩ કેસ મળી આવ્યા છે. સે. ૫ માંથી બે, સે. ૨ માંથી બે, સે. ૨૭, સે. ૨૬, સે. ૨૪, સે. ૨૧, સે. ૪, સે. ૬ અને સે. ૭ ના કેસોનો સમાવેશ થાય છે.

આજે નોંધાયેલા કેસોમાં સીટી ઈજનેર, બે એડવોકેટ, કમાન્ડો તેમજ ચાની દુકાનનો સંચાલક પણ સપડાયાનું જાણવા મળેલ છે. વિદ્યાર્થીઓ પણ આજે કોરોનાની ઝપટમાં આવેલા જણાયા છે. આ ઉપરાંત

● અનુસંધાન પાના - ૭ પર

# નગરની ગાબડાગ્રસ્ત ફુટપાથ પર હવે નમી પડેલી વૃક્ષોની ડાળીઓનો ઘેરાવો

ગાંધીનગર તા ૧૭

શહેરમાં વરસાદી દિવસો દરમિયાન સેકટરોમાં સમસ્યાઓનો ઢગ ખડકાયેલો જોવા મળે છે. જયારે બંધ સ્ટ્રીટ લાઈટો, મોટામસ ખાડા સાથે નમી પડેલી વૃક્ષોની ડાળીઓ પણ નાગરિકો માટે હાલાકીનુ કારણ બની છે. ફુટપાથ ઉપર પણ સફાઈના અભાવે ઘાસ ઉગી નિકળ્યુ છે. જયારે ફુટપાથ આસપાસ વૃક્ષોની ડાળીઓ પણ નમી પડેલી હાલતમાં હોવાથી વોકીંગ કરનારાઓ માટે નડતરરૂપ સ્થિતિ સર્જાઈ છે.

શહેરમાં વરસાદી સિઝન દરમિયાન વિવિધ સમસ્યાઓ સ્થાનિકો માટે નડતરરૂપ બની રહી છે. સેકટરવાસીઓ વરસાદી દિવસોમાં ગંદકી, રખડતા ઢોર તેમજ ઠેર ઠેર માર્ગો પર પડેલા ગાબડાથી પરેશાન છે. જયારે સેકટરોમાં તેમજ વોક વે આસપાસ નમી પડેલી વૃક્ષોની ડાળીઓ પણ નાગરિકો માટે પરેશાનીનુ કારણ બની રહી છે. છેલ્લા કેટલાક સમયથી ફુટપાથ પર પડતા ગાબડાના લીધે આમ પણ નાગરિકો પરેશાન છે. ફુટપાથની ટાઈલ્સો પણ તુટેલી હોવાથી વોકીંગ કરનારાઓ સામે મોટુ જોખમ ઉભુ થયુ છે. બીજીતરફ વરસાદી સિઝન દરમિયાન વોક વે પર ઘાસ પણ ઉગી નિકળ્યુ છે. શહેરમાં નજર નાંખો ત્યાં હરિયાળી નિખરી છે સેકટરોમાં પણ વૃક્ષોની વનરાજી વચ્ચે ઠેર ઠેર હરિયાળી જોવા મળે છે. જયારે મુખ્યમાર્ગોની આસપાસ વન આરક્ષિત વિસ્તારમાં પણ ઘાસ અને વનસ્પિત ઉગી નિકળતા રહેણાંક વિસ્તારમાં મચ્છરો અને જીવાતનો ઉપદ્રવ વધી ગયો છે. જેના લીધે રહીશોને જીવજંતુઓનો ઉપદ્રવ સહન કરવો પડે છે. વરસાદી સિઝન દરમિયાન જરૂરી દવા છંટકાવ પણ કરવામાં આવતો નથી. ફુટપાથ પર ઘાસ ઉગી નિકળતા મોર્નિંગ વોક કરનારાઓને જીવાતનો ઉપદ્રવ નડી રહ્યો છે. જયારે મોટાભાગના વોક વે પર વૃક્ષોની ડાળીઓ નમી પડેલી જોવા મળે છે. આ નમી પડેલી ડાળીઓ પણ આડશ બનતા વોકીંગ કરનારાઓને તકલીફ પડી રહી છે. શહેરમાં વનતંત્ર દ્વારા સમયાંતરે વૃક્ષોનુ ટ્રીમીંગ કરવામાં આવે છે. પરંતુ હજુ પણ સેકટરોમાં નમી પડેલા ઉભા સુકા જોખમી વૃક્ષોની સંખ્યા પણ વિશેષ છે. જયારે ફુટપાથ આસપાસના વિસ્તારમાં પણ વૃક્ષોની તોતિંગ ડાળી નમી પડેલી હાલતમાં જોવા મળી રહી છે.

# રાજ્યમાં ૨૦ ઓગસ્ટ સુધી ભારેથી અતિભારે વરસાદની આગાહી

ગાંધીનગર,તા.૧૭

આજથી રાજ્યમાં ફરી એકવખત મેઘરાજા ધમાકેદાર ઈનિંગની શરૂઆત કરશે. ગુજરાત પર એક સાયક્લોનિક સિસ્ટમ સક્રીય થતા હવામાન વિભાગે ૧૯ ઓગસ્ટ સુધી ભારેથી અતિભારે વરસાદની આગાહી કરી છે. હવામાન વિભાગના મતે ૧૯ ઓગસ્ટ સુધી ભારેથી અતિભારે વરસાદની આગાહી કરી છે. સૌરાષ્ટ્ર, કચ્છ, દ્વારકા, ભરૂચ, નર્મદા, તાપી, સુરત, નવસારી, વલસાડમાં ભારે વરસાદની શક્યતા દર્શાવવામાં આવી છે. આ સિવાય મોરબી, સુરેન્દ્રનગર, જામનગરમાં પણ વરસાદની આગાહી દર્શાવવામાં આવી છે. છોટા ઉદેપુરમાં ભારે વરસાદની આગાહીના પગલે વહીવટી તંત્રને એલર્ટ કરાયું છે. હવામાન વિભાગના મતે ૧૭થી ૨૦ ઓગસ્ટ સુધી અહીં ભારે વરસાદની આગાહી દર્શાવવામાં આવી છે. જેથી તલાટીઓને ગામમાં જ રહેવા સૂચના અપાઈ છે.

નદી કિનારાના વિસ્તારોને એલર્ટ કરાયા છે. ભારે વરસાદના પગલે પાણી ભરાતા હોય તેવો કોઝ-વે બંધ કરવા સૂચના પણ આપવામાં આવી છે. અમરેલીમાં પણ હવામાન વિભાગની અગાહી બાદ તંત્ર એલર્ટ થઈ ગયું છે. અમરેલીના જાફરાબાદ તંત્ર દ્વારા માછીમારોને સૂચના અપાઈ છે. દરિયો ૧૭થી ૨૦ ઓગસ્ટ તોફાની રહેવાની આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગની મતે સાંચબંદર, શિયાળબેટ, રાજપરામાં સૂચના અપાઈ છે.

# રાજ્યના મુખ્ય સચિવ અનિલ મુકિમને છ મહિનાનું એક્સટેન્શન

ગાંધીનગર, તા. ૧૭



રાજ્યના મુખ્ય સચિવ અનિલ મુકીમનું છ માસનું એક્સટેન્શન આપવા માટે ગુજરાત સરકારે કરેલ દરખાસ્તનો કેન્દ્ર સરકારે સ્વીકાર કરી અને મંજૂરી આપી છે. અનિલ મુકીમ આ ૩૧મી ઓગષ્ટના રોજ વય મર્યાદાને લઈ નિવૃત્ત થવાના હતા. ત્રણ દાયકાથી પણ વધુ સમયથી તેઓ સનદી અધિકારી તરીકે સેવાઓ આપી રહ્યાં છે. અનિલ મુકીમની સેવાઓ હવે ૩૧મી માર્ચ સુધી ગુજરાતને ઉપલબ્ધ થશે. મુકીમ મેનેજમેન્ટ સાથે વાણિજ્ય સ્નાતકની પદવી ધરાવે છે. તદ્ ઉપરાંત તેમણે કાયદાશાસ્ત્રમાં પણ ડિગ્રી હાંસલ કરી છે.



રવિવારથી શહેરમાં જૈનોના પર્વાધિરાજ મહાપર્વ પર્યુષણનો પ્રારંભ થયો છે. આ નિમિત્તે શહેરના જૈન દેરાસરોમાં ભગવાનને નયનરમ્ય આંગી શણગાર કરવામાં આવી રહ્યાં છે. શહેરના સેક્ટર-૨૨ ખાતેના જૈન દેરાસરમાં પ્રભુજીની પ્રતિમાઓને ભવ્ય આંગી શણગાર કરાયો હતો.

# ગ્રામ્ય વિસ્તારમાં વધુ ૧૭ કેસ

## સારવાર દરમિયાન બે મહિલા દર્દીઓના મોત : ઉવારસદમાંથી ૧૦ માસના ભૂલકાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો : ગાંધીનગરમાં ૫, કલોલમાં ૮, દહેગામમાં ૧ અને માણસામાં ૩ કેસ નોંધાયા

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના આજે ૧૭ કેસ નોંધાયા છે. સારવાર દરમ્યાન બે મહિલા દર્દીના મોત પણ નીપજ્યા છે.

જિલ્લાના ગ્રામીણ વિસ્તારમાં સારવાર દરમ્યાન મૃત્યુ પામેલાઓની સંખ્યા આ સાથે ૯૧ થઈ છે. જે બે મહિલા દર્દીના મોત થયા છે તેમાં એક ગાંધીનગર તાલુકાની અને બીજી મહિલા કલોલ તાલુકાની હોવાનું જાણવા મળેલ છે.

જિલ્લામાં વધતા જતા મૃત્યુ આંકને લઈ તંત્રએ સંપૂર્ણ મૌન સેવવાનો નિર્ણય કર્યો છે. જિલ્લામાં માસ સેમ્પલીંગ પછીના શુ પરિણામ આવ્યા તેને લઈ પણ તંત્ર દ્વારા જે ચૂપકીદી સેવવામાં આવી રહી છે તેને લઈ પ્રજામાનસમાં અનેક તર્ક વિતર્ક લોકજીભે ચર્ચાનું સ્થાન લઈ રહ્યા છે.

તંત્ર દ્વારા જિલ્લાના સારવાર હેઠળના દર્દીઓની સ્થિતિ વિશે પણ શરૂઆતથી મૌન સેવવામાં આવી રહ્યું છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કન્ટેનમેન્ટ ઝોન કે હોમ આઈસોલેશનમાં કેટલા દર્દીઓ સારવાર હેઠળ છે તેને લઈ પણ તંત્ર દ્વારા મૌન સેવવામાં આવી રહ્યું છે.

મળતી વિગતો પ્રમાણે આજે જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં જે કેસો નોંધાયા છે તેમાં ગાંધીનગરના પાંચ, દહેગામનો એક, માણસામાં ૩ અને કલોલના ૮ કેસનો સમાવેશ થાય છે.

ગાંધીનગર તાલુકાના કોલવડા ગામેથી ૭૧ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. અડાલજમાંથી ૬૫ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

તાલુકાના ઉવારસદ ગામેથી એક ૧૦ માસના નાના ભૂલકાનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તંત્ર પણ ચોંકી ઉઠ્યુ છે. ઉવારસદમાંથી આજે બે કેસ મળ્યા છે. ૭૦ વર્ષીય મહિલાનો રિપોર્ટ પણ પોઝીટીવ આવ્યો છે.

આ ઉપરાંત રાયપુર ગામેથી એક ૪૮ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

દહેગામ અર્બનમાંથી એક ૧૧ વર્ષના કિશોરનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

માણસા તાલુકામાં આજે અર્બન વિસ્તારમાંથી બે કેસ અને ગ્રામ્ય વિસ્તારમાંથી એક કેસ મળી આવેલ છે.

માણસા તાલુકાના પારસા ગામેથી એક ૬૮ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

માણસા અર્બનમાંથી આજે બે કેસ મળ્યા છે જેમાં એક મહિલા અને એક પુરૂષ દર્દીનો સમાવેશ થાય છે. માણસામાં જે ગતિએ કેસોની સંખ્યા વધી રહી છે તેને લઈ તંત્રમાં ચિંતાની લાગણી વધી રહી છે.

માણસા અર્બનમાંથી ૭૨ વર્ષીય પુરૂષ અને ૬૮ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. ત્રણેય દર્દીઓને સારવાર માટે ગાંધીનગર ખસેડવામાં આવેલ છે.

કલોલ અર્બન અને ગ્રામ્ય વિસ્તારમાંથી આજે ૮ કેસ મળી આવ્યા છે.

મળતી વિગતો પ્રમાણે સઈજ ગામેથી ૪૯ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. જ્યારે સાત કેસ અર્બન વિસ્તારમાંથી મળી આવ્યા છે.

અર્બન-૧ ના વિસ્તારમાંથી ૩ કેસ મળી આવ્યા છે. ૫૯ વર્ષીય પુરૂષ, ૩૨ વર્ષીય યુવાન અને ૭૦ વર્ષીય વડીલનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

અર્બન-૨ વિસ્તારમાંથી ૪ કેસ મળી આવ્યા છે. જેમાં બે મહિલા અને બે પુરૂષ દર્દીનો સમાવેશ થાય છે.

અર્બન-૨ માંથી બે ૬૦ વર્ષીય મહિલાઓના રિપોર્ટ પોઝીટીવ આવ્યા છે. જ્યારે ૫૧ વર્ષીય પુરૂષ અને ૫૯ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે.

જિલ્લાતંત્રએ જણાવ્યુ છે કે આજે વધુ ૧૭ દર્દીઓ રિકવર થતાં તેમને હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ સાથે જિલ્લામાં અત્યાર સુધી ૧૧૫૬ દર્દીઓ રિકવર થઈ જતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

હાલ જિલ્લામાં ૧૫૯ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જિલ્લામાં આજે ૧૭,૯૪૯ લોકોને ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે.

# સે-૨૭માં ગટર લાઈનનુ દુષિત પાણી નાગરિકોના ઘરોમાં બેક આવતા રોષ

## દુષિત પાણીના લીધે રોગચાળાની દહેશત : સ્થાનિકોએ પાટનગર યોજના વિભાગના કાર્યપાલક ઇજનેરને રજુઆત

ગાંધીનગર તા ૧૭

સે-૨૭ માં છેલ્લા કેટલાક દિવસોથી ગટરનુ દુષિત પાણી બેક મારતા રહીશો ત્રાહીમાંમ પોકારી ગયા છે. જયારે લાંબા સમયથી આ સમસ્યાનુ નિવારણ ન આવતા સ્થાનિકોમાં રોગચાળો પ્રવર્તે તેની દહેશત પણ વ્યાપી છે.આ અંગે સે-૨૪ ની ઈન્કવાયરી કચેરીમાં પણ અગાઉ વારંવાર રજુઆત કરવા છતા કોઈ પગલા લેવાયા નથી જયારે સેકટરના સ્થાનિકોએ આ અંગે પાટનગર યોજના વિભાગ ના કાર્યપાલક ઈજનેરને આ અંગે રજુઆત કરી હતી.

શહેરના સેકટરોમાં વારંવાર ગટરો ઉભરાવાની સમસ્યા ઉઠતી રહે છે. જેના લીધે સ્થાનિકો માટે પણ મોટો શિરદર્દ ઉભો થયો છે. આગામી દિવસોમાં સમગ્ર શહેરમાં ગટર લાઈન અપગ્રેડ કરવા માટે કામગીરી હાથ ધરવામાં આવનાર છે. પરંતુ હાલ ઓછા મેનપાવર અને મશીનરી વચ્ચે કાર્યરત ગટર વિભાગ માટે પણ આ સમસ્યાઓ મુંઝવણનુ કારણ બની છે. સેકટરની વસતી અને વિકાસ મુજબ ગટર લાઈન સક્ષમ ન હોવાથી વારંવાર ગટરો ઉભરાવાનો પ્રશ્ન ઉદભવે છે. સે-૨૭ માં પણ છેલ્લા કેટલાક

● અનુસંધાન પાના - ૭ પર




દુઃખદ અવસાન

મારા પુત્ર સ્વ. સુનિલ જયંતિભાઈ પટેલ (ગામ વાવોલ)નું તા. ૧૬-૮-૨૦૨૦ને રવિવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. પ્રભુને ગમ્યું તે ખરું. પ્રભુ સદ્ગતના આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના.

વર્તમાન પરિસ્થિતિને ધ્યાને લઈ સદ્ગતનું બેસણું મોકુફ રાખેલ છે.

સ્થળ : બી-૩૦૨, ઓમ એન્કલેવ ફ્લેટ, કુડાસણ, તા.જી. ગાંધીનગર. મો. ૯૮૨૫૨ ૬૮૯૦૫

લી.

પટેલ ફાલ્ગુનીબેન સુનિલકુમાર (ધર્મપત્ની)
પટેલ વંશિકા સુનિલકુમાર (પુત્રી)
પટેલ પ્રિયાંશ સુનિલકુમાર (પુત્ર)
પટેલ સચિન જયંતિભાઈ (ભાઈ)
પટેલ હિમાંશુ જયંતિભાઈ (ભાઈ)
પટેલ જયદિપ ગોવિંદભાઈ (ભાઈ)
ગં.સ્વ. પટેલ રઈબાબેન મણીભાઈ (દાદી)
પટેલ જયંતિભાઈ મણીભાઈ (પિતા)
પટેલ ઘનશ્યામભાઈ મણીભાઈ (બાપા)
પટેલ ગિરીશભાઈ મણીભાઈ (કાકા)
પટેલ વિપુલભાઈ કેશવલાલ (બાપા)
પટેલ શૈલેષકુમાર ઘનશ્યામભાઈ (ભાઈ)
પટેલ સુહાસ ગિરીશભાઈ (ભાઈ)

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in

કેપિટલ ઓફસેટ®

AN ISO 9001:2015 Certified Company

મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com